# પરવરદિગારની બંદગી

ઓ પરવરદિગાર !
તું સઘલાંનો પાલક અને રક્ષક છે.
તને શરૂઆત નથી, તને આખેર નથી.
તું અદ્વૈત, અનુપમ અને અમાપ છે.
તું રંગ, રાગ, રૂપ અને ગુણ વગરનો છે
તું બેહદ અને અથાગ છે, કલ્પના અને સમજ શક્તિની
પર છે, અને અનંત અને અમર છે.
તું અખંડ છે, અને દિવ્યચક્ષુ સિવાય કોઈ તને જોઈ શકતુ નથી.
તું હંમેશાં હતો, હંમેશાં છે અને હંમેશાં રહેશે.
તું બધેબધ છે, તું બધામાં છે; અને વળી બધેબધ
અને બધાંની પર છે.
તું આકાશમાં છે, તું પાતાળમાં છે, તું જાહેર છે,
તું બાતેન છે; સર્વ લોકમાં અને સર્વ લોકની પર છે.
તું ત્રણે ભુવનોમાં છે, અને ત્રણે ભુવનોની પરબી તુંજ છે.
તું અનદીઠ અને સ્વતંત્ર છે.
તું સર્જનહાર છે, માલીકોનો માલીક છે,
અને અંતરયામી છે;
તું સર્વ શક્તિમાન અને સર્વવ્યાપી છે.
તું અનંત જ્ઞાન, અનંત શક્તિ અને અનંત આનંદ છે.
તું જ્ઞાનનો દર્યાવ છે, સર્વજ્ઞાની અને મહાજ્ઞાની છે ;
તું ત્રિકાળજ્ઞાની છે અને સ્વયંભુ જ્ઞાનબી તુંજ છે;
તું મહાદયાલુ અને પરમકૃપાલુ છે.
તું આત્માઓનો આત્મા છે, અને અનેક ગુણોવાલો તુંજ છે.
તું સચ્ચિદાનંદ ત્રિમૂર્તી છે.
તું સત્યનું મૂળ અને પ્રેમનો મહાસાગર છે.
તું સનાતન પુરૂષ છે, સર્વોત્તમ છે; તું પ્રભુ અને પરમેશ્વર છે ;
તું પરમાત્મા છે, અને પરાત્પરબી તુંજ છે ;
તુંજ પરબ્રમ્હ છે ;
તું અલ્લાહ, ઈલાહી, યઝદાન, અહુરમઝદ,
સર્વ શક્તિમાન બુદા અને પ્યારો ખુદાબી છે.
યઝદ તારૂં નામ છે અને સ્તુતિને લાયક યેવો ફકત તું એકજ છે!



# પશેમાનીની બંદગી

ઓ અત્યંત દયાળુ ખુદા ! હમો હમારાં સઘલાં પાપો-જેવાં કે દરેક વિચાર જે ખોટો, ગેરવાજબી અને અપવિત્ર હતો, દરેક બોલાયલો શબ્દ જે નહિં બોલાવો જોઈતો હતો, અને દરેક કરેલું કાર્ય જે નહિં કરવું જોઈતું હતું - તે માટે હમો પસ્તાવો કર્યે છીએ.

દરેક કાર્ય, શબ્દ અને વિચાર જે સ્વાર્થને અંગે થયેલાં, અને દરેક કાર્ય, શબ્દ અને વિચાર જે ધિક્કાર અંગે થયેલાં, તે માટે હમો પસ્તાવો કર્યે છીએ.

વિષેશ કરીને દરેક હવસી (કામિક) વિચાર અને દરેક હવસી કાર્ય, દરેક જુઠાણુ અને સઘલાં ઢોંગીપણાં, દરેક અપાયલાં વચન પણ ન પલાયલાં વચન અને બધી નિંદા અને ખોટી બદગોઈ માટે હમો પસ્તાવો કર્યે છીએ.

અવશ્ય કરીને વધુમાં દરેક કાર્ય જેથી બીજાઓની ખરાબી થઈ છે, દરેક શબ્દ અને કાર્ય જેથી બીજાઓને દુઃખ થયું છે, અને બીજાઓને દુઃખ થાય એવી દરેક ઈચ્છા માટે હમો પસ્તાવો કર્યે છીએ.

ઓ ખુદા ! આ જે સઘલાં પાપો હમોથી થયાં છે તે માટે હમો ત્હારાં દયાલુપણાથી માફ કરવા આર્જુ કર્યે છીએ, અને ત્હારી ઈચ્છા પ્રમાણે વિચારવા, બોલવા અને વર્તવામાં હમારી ચાલુ નિષ્ફળતાઓ માટે પણ હમો ત્હારી માફી માંગ્યે છીએ !

# મેહેરબાબાની આરતી

બુઝવે નાર જહલ્લતની, એ કર કુદરતને ફરમાં તું,
છે લાગી આશ ભક્તોંને, કે બખ્શે નૂરે ઈમાં તું,

અયા મુરશદ મેહેરબાબા, અરણ પર તુજના ઘરીએ સર
ખુદાના જાતથી વાકેફ, થઈ બેઠો મેહેરબાં તું,

તું છે માલિક હકીકતનો, તું આશેકભી ને આરેફભી,
તું છે દરીયાએ વહેદત, મારેફતનો હોઈ તુફાં તું,

હમો રહેરવને અય સાલેક, બખશજે જ્ઞાન ઈજદનુ,
કે તું પરમાત્મા જ્ઞાની છે, ને મુખ્તારે ઈરફાં તું.

ખુદાના પ્રેમનો પ્યાલો પિલાવી મસ્ત હમને કર,
છે તુંજ પર જાન સદકે સાકિયા આપીદે પયમાં તું,

હમારી નાઁવ ભર દરિયે તરાવે તો હમે તરિયે,
હમારા નાખુદા અય મેહેરબાબા છે નિગેહબાઁ તું.